---------------------------------------

## ગુજરાતની પહેલી ડિજિટલ ડિક્ષનેરી

---------------------------------------

## કમ્પ્યૂટરની ક્લિકે

**સંપાદન**-બળવંત પટેલ અને ઉત્તમગજ્જર
**પ્રકાશક**-ચંદરિયા ફાઉન્ડેશન,
૧૨, સુધાકર, ૨૬-નારાયણ ડાભોલકર માર્ગ, મલબાર હિલ, મુબઈ-૪૦૦ ૦૦૬
**પ્રાપ્તિસ્થાન**-બળવંત પટેલ, પ્લોટ ૬૬૭, સેક્ટર ૨૧, પંચશીલ પાર્ક, ગાંધીનગર
**પહેલી આવૃત્તી** : મે-૧, ૨૦૦૬ **પૃષ્ઠસંખ્યા**-૪૪. **કિંમત** : ૧૫ રૂ.

---------------------------------------------------------------------------------

ગુજરાતી ભાષાના ઈતિહાસમાં ૧૩ જાન્યુઆરી ૨૦૦૬નો દિવસ મહત્ત્વપૂર્ણ બની રહેશે. તે દિવસે મુંબઈસ્થિત ચર્ચગેટમાં, આવેલ ઈન્ડિયન મરચન્ટ્સ ચેમ્બર્સના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં, વિશ્વના કોઈ પણ પ્રદેશમાં વસતા ગુજરાતી ભાષી માણસને ચંદરિયા ફાઉન્ડેશન દ્વારા ગુજરાતી ડિજિટલ શબ્દકોશ સમર્પિત કરવામાં આવ્યો.

સહુ પ્રથમ ગુજરાતીભાષાનો શબ્દકોશ-ડિજિટલ સ્વરૂપે, આધુનિક સ્વરૂપે ૨૧મી સદીની જરૂરિયાતો સંતોષાય તે રીતે લોકોને ઉપલબ્ધ કરાવવામાં આવ્યો. શબ્દોના આ મહાસાગરમાં નિમ્નલિખિત સામગ્રી રજૂ કરવામાં આવી છેઃ-

-ગુજરાતીથી ગુજરાતી : શબ્દ અને અર્થ
-ગુજરાતીથી અંગ્રેજી : શબ્દ અને અંગ્રેજી સમશબ્દ
-અંગ્રેજીથી ગુજરાતી : શબ્દ અને ગુજરાતી સમશબ્દ
-ગુજરાતી થિસોરસ : શબ્દ અને તેના પર્યાય
-ગુજરાતી વિરુદ્ધાર્થકોશ : શબ્દ અને તેના વિરુદ્ધાર્થ શબ્દો
-રૂઢિપ્રયોગો.

આ કોશના પ્રકાશન પાછળ અનેક વિદ્વાનોનો બે દાયકાનો શ્રમ બોલી રહ્યો છે. પરંતુ આ કોશનું સ્વપ્ન સેવનાર શ્રી. રતિલાલ ચંદરયાના અવિરત પુરુષાર્થની ગાથા આ સાહિત્યિક સાહસ પાછળ રહેલી છે. આ કોશની ગૌરવગાથા ધીરુબહેન પટેલે સરસ રીતે રજૂ કરેલી છે. આ પુસ્તિકાનો સૌથી રસપ્રદભાગ છે : શ્રી. રતિલાલભાઈ સાથેની વિદ્વાનોની મુલાકાત તથા તેમની જીવન ઝરમર..

**સમીક્ષક : ચંદુભાઈ ઠકરાલ**

**‘સૌજન્ય માધુરી’**ના મે ૨૦૦૭ના અંકના પાન ૩૭-૩૮ ઉપરથી સાભાર

‘રીડર્સ ડાયજેસ્ટ’ ટાઈપ **‘સૌજન્ય માધુરી’** માસિકના માનદ સંપાદક : ડૉ.યાસીન દલાલ, ‘આશિયાના’, ૫- સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી, **રાજકોટ**-૩૬૦ ૦૦૫ : વાર્ષિક લવાજમ : રૂ. ૧૦૦/-